## આંક- ૦૧ લગત હુકમ

**૧.** એ.પી.પી.શ્રીની સદર કેસને ક્રિ.પ્રો.કોડની કલમ- ૩૨૧ અન્વયેની વીડ્રો પુરસીસ વંચાણે લીધી તથા એ.પી.પીશ્રીને સાંભળ્યા, કેસ પેપર્સ વંચાણે લીધા.

**૨.** આ કામે એ.પી.પીશ્રીની પુરસીસ આપી સદર ક્રિમિનલ કેસ જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીના પત્ર ક્રમાંક નં. એમએજી/ડોરમેન્ટ કેસ/વશી. ૨૩૬૯/૨૦૨૨, તા. ૦૩/૦૮/૨૦૨૨ અને જીલ્લા કાનુની સેવાસત્તા મંડળના પત્ર ક્રમાંક નં. જિ.કા.સે.સ.મ. સુરત. ૩૨/૯૫૦/૨૦૨૨ તા. ૦૩/૦૮/૨૦૨૨ મુજબના લેખિત આદેશ અન્વયે પરત ખેંચવા ક્રિ.પ્રો.કોડની કલમ- ૩૨૧ અન્વયે અરજી આપી, પરવાનગી માંગી ન્યાયના હિતમાં યોગ્ય હુકમ કરવા માનસહ મૌખિક દલીલ કરવામાં આવેલ છે.

**૩.** કેસના સંજોગો ધ્યાને લેતા સદર કેસ ઘણો જુનો હોઈ અને ડોરમેન્ટ ફાઈલમાં પડતર કેસ તરીકે ઘણા લાંબા સમયથી પડી રહેલ હોઈ, કેસને પરત ખેંચવા પરવાનગી આપવી ન્યાયી અને વ્યાજબી જણાતી હોઈ ક્રિ.પ્રો.કોડની કલમ- ૩૨૧ અન્વયે ચાલતો હાલનો કેસ પરત ખેંચવા બાબતે શરતને આધિન પરવાનગી આપી આરોપી/ આરોપીઓને તેમની સામેના ચાર્જસીટમાં કરવામાં આવેલા આક્ષેપો/ તહોમતમાંથી નિર્દોષ/ બિનતહોમત ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૪.** સદર ગુનાના કામે જો કોઈ મુદ્દામાલ કબ્જે કરવામાં આવેલ હોઈ તો તેનો કાયદાકીય જોગવાઈઓ અનુસરીને નિકાલ કરવો.

**<u>શરત-</u>**

- ➔ સદર કેસમાં જો ભવિષ્યમાં ફરિયાદી/ કેસના ગુણદોષમાં ઉતરીને ન્યાયિક નિર્ણયમાં હિત ધરાવનાર વ્યકિત કે ભોગ બનનાર અદાલતમાં હાજર રહી કેસને રીસ્ટોર કરવા અરજ કરે અગર તો નાસ્તો ફરતો આરોપી/ આરોપીઓ ને પોલીસ ધરપકડ કરી અદાલતમાં રજુ કરે તેવા કિસ્સામાં કેસને રીસ્ટોર કરી આગળની ઈન્સાફી કાર્યવાહી કરવાની રહેશે.

સદરહુ હુકમ આજરોજ તારીખ ૧૩ માહે ઓગષ્ટ સને ૨૦૨૨ના રોજ નેશનલ લોકઅદાલતમાં જાહેર કર્યો.

તા. ૧૩/૦૮/૨૦૨૨ (આર. એમ. ચાવડા)
સુરત જ્યુ. મેજી. ફ.ક, થર્ડ કોર્ટ
જજ કોડનં. જીજે૦૧૫૨૪